કરિ મન કૃષ્ણઁ ચરણે નિવાસ આસ સઘલી છાંડી
ટલૈં જન્મ જરા નૈં મૃત્ય પ્રીત હરિ સાથૈં માડી ॥૧॥
ઘટપટ મનથિ રહિત વ્યાપ્ત અંતરજામી
બાહ્ય અભિઅંતર રામરમિ કરે સ્વગુર સ્વાંમી ॥૨॥
ગુર ગમેં કરિ જાણી આણિ વીસ્વાસ મંન્યે
સઘલેં છે અવિનાસ હરિ વિન નથી કો અન્ય ॥૩॥
ઘટ મઠ પટ પરબ્રૈંમ મર્મ જાને કો જોગી
સંસૈં વર્જિત જેહ તેહ હરિરસનો ભોગી ॥૪॥
નિર્મલ નિશ્ચલ વસ્તુ અસ્તઉદે ના જેનેં
નિગમ નિરંતર ગાય ધાય મહામુની તેને ॥૫॥
ચેત ચિદાનંદ રામનામ જેના છેં બહુ
પીંડ બ્રહ્માંડ પંચભૂત જેને આધારેં સહુ ॥૬॥
છે છઠ્ઠાં પંચ માહે છાયામાંગુણ રહિત
ઈલર સંગતિ ટાલી વ્યાપ્ત અમર અહિત ॥૭॥
મોરે જમલાં જેહ તેહ અંહિયાતિ: ન
તે કેવો કહ્યો ન જાય ન રે તો ઉસ્ન ન સીત ॥૮॥
ઝલહલ જોતિ અખંડ નહિ તે રવિ સસિ વિનેં
તુરીયાતીત સુધામ વ્યાપક સઘલેં સુન્ય ॥૯॥
ના હુ ના તુ લોક નહિ તે નાદ નવંદ
જહા મનબુદ્ધિ ચિંતન જાય તેતો વિષમ સંઘા ॥૧૦॥
ટાલ્યો ટલેં ન જેહ તેહ આદિ અવિનાસી
જેને રુપ ન રંગ નવ તે નરહ્યો વિસ્વ પરકાસી ॥૧૧॥

ઠાકુર સેવો તેહ જેની સઘલી આંણ
જેને ઘરમાયા પરધાન કલપે ઊલપે ઓળાણે ॥૧૨॥
ડગમગ સઘલી છાંતિ વાગે આંગમડાંગ
જાવાં છે પીયને સાથે કાઢિ સતીનો સ્વાંગ ॥૧૩॥
હોલિ વિષે વિષપાન ધ્યાન હરી રસનો ધરીયે
છાડિ કુમતિ કુસંગ સંગ સંતનો કરીય ॥૧૪॥
નેને નિરખો જેહ તે ન સુછમ ન સ્થૂલ
વ્યાપક સઘલે સુંનિ ધુંનિ મુક્તિનો મુલ ॥૧૫॥
તત્ત્વ આત્મા નિરધાર સાખિ વેદાંત બોલે
તુ જો નિમ જાનિ રે રંજ અન્ય નથિ કો તું તોલે ॥૧૬॥
થિર પુરન પરબ્રહ્મ કર્મકીલ ન જેને
જોતિસ્વરૂપ જગદીસ વિસ્વ આધાર તેને ॥૧૭॥
દેવતનો જે દેવ સેવ કીજ્યે તેની
સુધ નિરંજન અતિગતિ ન લેહે કો જેની ॥૧૮॥
ધરીયે જેહનો ધ્યાન માન મછર છાડિ
રુદે આનિ જ્ઞાન વિવેક એક લક્ષી તે માડી ॥૧૯॥
નિર્મલ મનુ તો થાય જો જાય તિષ્ણાઓર કાલ
રુદે કર્તા વસ્તુવિચાર સાર પામો સુધામ ॥૨૦॥
પૂરન સઘલે પેખિ લેખિ આત્મા સર્વ
સંગ રહિત મન પેખિત મેલિ માન ન ગર્વ ॥૨૧॥
ફિરતો રહિ રે જન મંન નિર્મલ રાખિ
છાડિ કુસંગ કુમતિ રતિ સબદ દાખિ ॥૨૨॥

વલ છાડિ ફલ આનિ જાનિ પરપંચ ખોટો
બોધવ તારે મનસો ને સેવે હરિ મોટો ॥૨૩॥
મુલિમ ભરમેં બૂર સૂર થઈને રૂંડે
મારગ માન મા છાડ આડિ લહિવ તે મિડે ॥૨૪॥
મર્મે કરી મન મારિ વારિ વિષે મે જોતો
તજી તતવ તે સાર મુઢ માયા સું રાતો ॥૨૫॥
જતીંદ્રી ગુણ ચિંત સંત સાધન એહ
જેહને નહી દેહ અભિમાન જીવનમુકિત તેહ ॥૨૬॥
રાગ દ્વેષ તે ટાલિ મિટાલિ સઘલેં સ્વામી
વ્યાપક સઘલેં વિષ્ણુ કૃષ્ણ અંતરજામી ॥૨૭॥
લિંગ લેનો કરિ ભંગ સંગ સંતનો કરી
અહું મમતા મતિ ખોડ જોઈ ચરાચર હરિ ॥૨૮॥
વલિ પાછો વિષ ત્યાગિ આગિ સઘલેં લાગી
ત્યારે સીતલ સંગતિ સંત જંત કરિ જે જાગી ॥૨૯॥
સક મ થાઈસ્ય મુઢ મુઢ કરિ છે સંગે
હરિ લેસ્યેં હીરો સાર પ્રાર કરીસે અંગે ॥૩૦॥
ષરોં ષણ વેંરાગ જાગિ મારગ રહી
રિપુ સહે તે છેદિ ભેદિ ભાવના દહી ॥૩૧॥
સઘલે કરિ દૃષ્ટિ સમાન ગ્યાન ચોહજ સાચો
જહાલગ સમવિષમ વાવત્યારલગે કાચો ॥૩૨॥
હું તું તે ટાલિ નિહાલિ સઘલે હરિ
ત્યારે ભકિત મુકતિફલ તેહ જો તેં ચે દયા દહી ॥૩૩॥

ફ્રો ફરિ સઘણે સઁગ રંગ રામસ્યો રાખિ
જુઠો જગત યે સર્વગર્વ ગુણદોષ નાખિ ॥૩૪॥
એ ભગતિ જોગવૈ રાગ અનુભવ જ્ઞાન ન ધ્યાન
જાણ્યું તો પરમાણ જો નહી દેહ અભિમાન ॥૩૫॥
હરિગુર સંત પસાય કહ્યા કકા યે સાર
નરહરિ અનભવ રહી એકાંત માહેઁ ઘનો છે ભાર ॥૩૬॥

આનંદરાસ

હરી ગુર સંતના ચરણને ધાઇયેં પરમપુરસ પરબ્રહ્મ આરાઇયેં
ગાઇયેં ગુણ રે શ્રીહરી તણા ॥૧॥
ઉતમ જન્મ આલેં નવ ખોઇયેં સરવસંગ પરહરી હરી ચરણે મોહીયેં
જોઇયેં નીરંતર રામને ॥૨॥
વલીવલી સંતસમાગમ કીજીયેં અહરનીસ કૃષ્ણકથારસ પીજીયેં
લીજીયે લાહો તે હરી ભજી ॥૩॥
તન ધન જોબન અસ્થીર જાણજો સત સ્વરૂપ પરબ્રહ્મ પરમાણજો
આંણજો તે રુદેં હરી તણી ॥૪॥
સકલ સીધાંતનુ સાર શ્રીગુરેં કહ્યુ પરબ્રહ્મ જાણીને તે સરવ પુરણ થઉ
હરીપદ લહુ રે હુ તુ જતાં ॥૫॥
વેદ પુરાંણ સમૃત કહેં વલીવલી હરી ભજેં જાયેં ઉપાધ્ય સરવે ટલી
ફરી માત ઉદર ન આવીયેં ॥૬॥
હરખી હરખીને હરીજન પૂજીયેં સંતસંગ તત્વજ્ઞાન તે બુઝીયેં
ગુઝીયેં નહી રે સંસારમાં ॥૭॥
સકલ સાધન ભાઇ તીણેં કીધલાં સકલ દાંન વીધાંગ તેં દીધલાં
જેણેં લીધલાં શરણ રુદે હરી તણાં ॥૮॥
કપટ કબુધ કુસંગત છાંડીયે નીશ્ચલ પ્રીત નારાયેંણસુ માંડીયેં
છાંડીયેં બે ત્રણ પાંચને ॥૯॥
વવેક વીચાર વેંરાગને મન ધરો મોહ માયા મદ મચ્છર પરહરો
અહનીસ ઉચરો હરી હરી ॥૧૦॥
જેહને જે ગમેં તેહ તાંહાં તે કરેં કોઇતો ગ્રહમેં રહેં કોઇ તો વન ફરે
પણ મન મરતાં મુકંદ મલેં ॥૧૧॥

દ્વૈત બુધી સર્વ મન થકી ટાલીયેં વીશ્વચરાચર વસ્તુ નીહાલીયેં
વારીયે મન ઉમારગ જતું ॥ ૧૨ ॥
રામકૃષ્ણ સાથે અતી સનેહ બાંધીયે વલીવલી સર્વજ્ઞને વંદીયે
નંદીયે નહી કમેં કેહનેં ॥૧૩॥
કેવલ હરી હરી હઈડામાંહીં આણીયે આદેઅંતમધે બ્રહ્મ પરમાણીયે
જાંણીયેં જાંણનહારનેં ॥૧૪ ॥
સંસાર સાગર પાર તો પામીયે કલીમલ દુખ મહેં તાપતો વામીયે
નાંમીયે સીસ મહાપુરસનેં ॥૧૫॥
વપરીત ભાવના મુક મનથી પરી વીષ્ણુનુ બોલુ તે રાખ રુદે ધરી
સીખ દેઉ તુનેં એં ખરી ॥૧૬ ॥
અહરનીસ વલીવલી કૃષ્ણકૃષ્ણ ભણો માંહે થકારે મોટા રીપુ હણો
વસે કુમારગ રે સાધુ તણો ॥ ૧૭॥
પરધાન પરઅસ્ત્રી પરનંદા તજો કૃષ્ણચરણ ભકત ભાવેં ભજો
જન ભજોરે શ્રી જુગદીસનેં ॥૧૮॥
પરબ્રહ્મ ભકતી રુદે હોયેં જેહનેં મુક્ત સમીપ સદા બાઈ તેહનેં
નાં કરે ગ્રહે બંધન દાસનેં ॥૧૯॥
કૃષ્ણ ભકતી વીના જનમ જાય વૃથા સુખ દેવેં કહી પરીક્ષતનેં એં કથા
મીથા વાદ મુકો પરહરી ॥ ૨૦ ॥
આપણો જનમ સુફલ યેમ કીજયેં સાધુ સમાગમ હરીરસ પીજયેં
ના કીજયેં સંગત ખલ તણી ॥૨૧॥
વીષ્ણુ વાહાલા કરો પરપંચ પરહરો સતકર્મ આચરો દયાન હરીનુ ધરો
કહે મહાજન કાજ કરો યે ખરુ ॥૨૨॥

વલી ઑંક ગદ્ય કહુ અર્જુનનેં શ્રીગુરૈં શ્રીમુખેં કહુ છે મુજનેં
યા સર્વ જાંણો ઑંક આત્મા ॥૨૩॥
વેદ વેદાંતનો અર્થ જે ઑંક જ કહ્યોં આત્મા તે ધર્મ મારાપુસ્સે લહ્યો
તેતો હરીકૃપાયે હરિજનેં ગ્રહો ॥૨૪॥
શ્રીગુર બ્રહ્મ ચૈંતન કૃપાયેં કરી હરી પ્રસાદેં તે હરીભક્તે આદરી
ગાયો રાસ જ પ્રેમે જન નરહરી ॥ આનંદ સૂરે ॥૨૫॥

સંતનાં લક્ષણ

શ્રીકૃષ્ણજી ભણેરે ઉધવ સાંભલો લક્ષણ તે સંતનાં ત્રીસ રે
તેરે અનુભવે તાપ ત્રણે ટલે પ્રગટ તે મલે જુગદીસ રે ॥૧॥
ક્રીપા કરેરે સરવે ભૂતને દ્રોહ ન કરે લગાર
ક્ષમા દયા રે ધરે મન વીસે ઓચરે સતનેં સાર રે ॥૨॥
આત્મભાવ સ્નેહ આ ધરે સમદ્રષ્ટીયે તે જોય રે
કરે ઉપગાર તે સરવને અનેં પ્રીયે નહી કોય રે ॥૩॥
કાંમ ક્રોધ વ્યાપે નહી જેહેનાં ચિત છે ધીર રે
કનક કંતાએ મોહે નહી અને ટાલે તે ભંગ સરીર રે ॥૪॥
સરવેહેવાર અલગ કરે અને વાસંસ્સા તણે કરે ત્યાગ રે
સીલ સંતો કલીયે રહે અને દેહાદીકસૂ વૈરાગ રે ॥૫॥
યેમ રે કંચન તમે જાંણજો જે જન રહીત વીકાર રે
મુકત લગી ઈચ્છા નહી સેવે તે હરીપદ સાર રે ॥૬॥
ઈંદ્રિ એકાદસ વસ કરે આણે તે કોમલ ભાવ રે
બાહેર ભીતર પવીત્ર સદા ભવતારક તે તો નાવ રે ॥૭॥
સંત જીતે ષટ ઉરમી અને મનમેં ન ધરે અભીમાન રે
માંન દેયે રે સર્વે ભૂતને આને પેખે તે સઘલે ભગવાંન રે ॥૮॥
કલપદ્રૂમ તણી પેરે રહે અને ટાલે તે સર્વેનાં દૂખ રે
ગ્નાંન ભંડાર મુગતા કરે આપે તે સરવેને સૂખ રે ॥૯॥
મદન હીરે જેહેનેં કસો સમુદ્રવત ગંભીર રે
હંસ દસા રે હરીજન ધરે ખીર ગ્રહે તજે નીર રે ॥૧૦॥
સ્થીર મન રે મહાપુરસનાં સદા રહે મમ સરણ રે
મનની ચંચલ મુની તે સહી જેહનાં સૂધ અંતહકરણ ॥૧૧॥

મીત્રભાવ રે ચરાચર વીષેં કરુણા તે કરેં અપાર રે
શ્રી ભગવાન કરી લેખવેં કવીવર તે નીરધાર રે ॥ ૨૨॥
લક્ષણ તે સંતનાં કહ્યાં રે સદયા આંણે જન જેહ રે
કહે નરહરી શ્રીમુખેં કરુ માંમેં તે પરબ્રહ્મ તેહ રે ॥૨૩ ॥
કૃષ્ણજી ભણે રે ઓધવ સાંભલો લક્ષણ તે સંતનાં ત્રીસ રે ॥

## ગોપી ઉદ્ધવ સંવાદ

ગોપકા સુણેંને ઉધવ ઉચરેં કેવલ આત્મજ્ઞાન રે
તે અનુભવે તાપ ત્રણે ટલેં પ્રગટ તે મલેં ભગવાંન રે ॥૧॥
નીજ બોધ કહો નંદને જસોદાને કહ્યુ નીજ રુપ રે
પુત્રભાવ તમો પરહરો કૃષ્ણજી છેં બ્રહ્મ સરુપ રે ॥૨॥
સુંદરી સોક સરવે તજો જમલા તે જાણો જુગદીસ રે
રુદઆ કમલ માંહે રમ..... કહુ છુ તે નાંમીને સીસ રે ॥૩॥
દે ઉરે એ..... એક હુકડી રહે મન આંણો સંદેહ
.........બ્દરુપરસ રૂપરસ ગ્રહેં કૃ..... જાંણજો તે હરે ॥૪॥
હલ એ.....ણ હોય જે વડે જાંણજો તે કેવલ કૃષ્ણ રે
ઠામ ઠાલો નહી હરી વીના સઘલેં તે વ્યાપિક કૃષ્ણ રે ॥૫॥
વીશ્વપાલક એં વીઠલો વીસંભર શ્રી ભગવાંન રે
ઉતપતીથી તી લયે જેહનેં વિષે—ઘરીયે તે તેહનુ ધાંન રે ॥૬॥
માતતાત રે એંહનેં નહી સત્રુ મિત્રુ નહી કોય રે
કાલકર્મ રે માયાતીત સચીદાનંદ ઘન સોય રે ॥૭॥
ભવ અજ ધાંન એંહનૂ ધરે શુકસનકાદીક ધાય રે
નારદસારદ મુનિ સ્તુત્ય કરે નીગમ નીરંતર ગાય રે ॥૮॥
આદ્ય અંતે મધ્યે ભરી રહ્યો પુરણ પરસોતમ રાય રે
તે તમોમાંહે તમો તેહ માંહે અદકૃણુ અલગો ન થાયે યરે ॥૯॥
અંતરજામી કૃષ્ણ આપણો રહ્યો છેં ચરાચર સોય રે
ધેન નાંના વર્ણ પેખિયે દુધ તે એક વરણુ હોય રે ॥૧૦॥
વવાદય દ્રષ્ટાં તે વલી કહુ સાંભલો તે રાખી એંક ચીત રે
મન રે મોહન મનમાંહેં મલેં આદપુરસ અનંત રે ॥૧૧॥

ઉદક લહેરી ભડ ભોમનાં કંચન ઘાટ અનેક રે
સરગુણ નરગુણને પ્રથક નહી કહુ છૂ તે કરીને વવેક રે ॥૧૨॥
જલ જોગે ચંદ્ર દીસે ઘણા વસ્તુ ગતેં છે સબી એક રે
અનુભવે દ્રષ્ટે એક આત્મા ભરમે ભાસે જીવ અનેક રે ॥૧૩॥
ઈખ માંહે જમ સરકરા દુધ માંહી જમ આજ રે
દ્રષદ માંહે જમ લોહ છે એમ કૃષ્ણ મધ્યનેં બાઝ રે ॥૧૪॥
કાષ્ટ અનેક મથી જોતાં પાવક તે એક વરણો હોય રે
તંતુપર વીચારતાં ઉપજે તે નહી મન મોહ રે ॥૧૫॥
ફૂલ માંહે જમ વાસ છે તલ માંહે જમ તેલ રે
ચેતન રુપે યેમ કૃષ્ણજી વ્યાપક તે સર્વ ઘટ સોય રે ॥૧૬॥
બીજ રુપ જમ વસ્તારો વટ માંહી વ્યાપક બીજ રે
એમ વ્યાપક સબી કૃષ્ણજી જાંણીને મન માંહી રીઝે રે ॥૧૭॥
પાંણી ચાલો રે પ્રથક નહી રવીકરણ રવી વીષે જાણ રે
પાવક દીપક પટંતરે યેમ જીવ બ્રહ્મ પ્રમાણ રે ॥૧૮॥
ઉદક માંહી જમ રસ છે પ્રથવી માંહા જમ ગંધ રે
તેજ માંહી જમ રુપ છે એમ સબી વ્યાપક મુકુંદ રે ॥૧૯॥
વાયું માંહે જમ સપરસ છે વ્યોમ માંહે જમ નાદ રે
એમ કૃષ્ણ લો તમો ઓલખી ઉપજે તે મન હુલાસ રે ॥૨૦॥
વલી વીસેષણ જે કહુ સમી મન આંણજો તે હર રે
જમ નારક વસ પુતલી યેમ દેહી દેહી વીષે જાંણ રે ॥૨૧॥
ભરમે રજુ ભાસે અહી મૃગ ત્રષ્ણા ભાસે નીર રે
નીત્ય પુરાણ કૃષ્ણ આત્મા મથ્યા લીંગ સરીર રે ॥૨૨॥

પુરણ પેખો સરવે સુદરી કૃષ્ણજી રહા ભરપુર રે
સોધતાં સમાપથી પાંમસો નાથ નથી ગયા દુર રે ॥૨૩॥
ગુર જ્ઞાંને કરી ઓલખો મુકો સખી અવર વીચાર રે
કોટી બ્રાંમ્માંડ પતી કૃષ્ણજી વલિ વલિ કહુ નીરધાર રે ॥૨૪॥
બોલે તે બ્રાંમ્મ બીજો નહીં જાંણો સખી જાંણનહાર રે
જલ થલ કૃષ્ણજી ઓલખો મેહેલો તે મનના વીકાર રે ॥૨૫॥
હુ તુ ટલતાં બહેની જે રહે જાંણજો તે તમ તણો કહાંન રે
લીલા તન શરી વ્રીજબસા સમરથ શ્રી ભગવાન રે ॥૨૬॥
કૃષ્ણજી કારણ સર્વ ભુતનુ વેદ ઉપની સદ...ચરે
અમુરત શાન ધારીસે અકલ તે કલો નવ જાયે રે ॥૨૭॥
પાંમસો પ્રભુને પાસે થકિં કરતાં તે વસ્તુ વીચાર રે
દ્વૈત ટલે નરહર કહે ભાસે સાક્ષાતકાર રે ॥૨૮॥

॥ કડવુ એક ॥ ૧ ॥ કડવુ પ્રથમ॥

ઉધવજી સુણે ગોપી ઉચારે કૃષ્ણજીની લીલા અપાર રે
તે સુણતાં મહા સુખ પાંમીયે વાંમીયે તે અનીત સંસાર રે ॥૧॥
બ્રીજ બાનતા તે ટોલે મલી ઉધવજીને દે છે આસીસ રે
કૃષ્ણજી ભક્ત હોજો ઘણું જીવો હરીજન કોડ બરસીસ રે ॥૨॥
પ્રેમે પાડી બોલે વ્રહુણી સાંભલો હરીજન વાત રે
ગોકુલ ઉં તે સરવ સુનૂ થયું મધુપુરી જાતાં તે નાથ રે ॥૩॥
રુપનામ રે ગુણ હરીતણે વેધાલા અમારા પ્રાણ રે
અધક્ષણ અમને ન વીસરે સુંદર તે નંદનો કુમાર રે ॥૪॥

તમોનેં ઉધવજી અમનેં જે કહુ તે વીરા જાંણજો સતરે
જોગી જતી મોક્ષારથી ધ્યાંની તે અનુભવેં તે એહ રે ॥૫॥
અમોં વૃરીરે વીષેં ભરાં ખોટાં તે મોહનજી રુપ રે
મન અમારુ કરી નવ ઠરેં બીના એક કૃષ્ણજી સરુપ રે ॥૬॥
કહોંને ઓધવજી તે કમ વીસરેં જાણે રમાડાં અમને રાસરે
વેંણ વારી વન તેડીઆં અમારેં છેં તે તણી આસ રે ॥૭॥
અનેક આદર ભાવ અમે કરીં કરવાં તે અધુરરસપાન રે
અંતર ધ્યાંનરે તતક્ષણ રવા જારે અમને આવું અભીમાંન ॥૮॥
અમો સુનાં થયાં કૂંજ સોધતાં સહવ તે કરુ તેણીવારરે
દીન જાણીને દયા કરી મધ્યથી પ્રગટા મોરારય રે ॥૯॥
અનેક કષ્ટથી ઉગારીઆં અમારેં છે તેહનો આધાર રે
આ આ ગુણરે સંભારીયે કહેતાં નાં આવે પાર રે ॥૧૦॥
એણે ગોકૂલીયે ઓચ્છવ અતી ઘણા કૃષ્ણજી વજાડતાં વંસરે
મોરલીનેં નાદેં મોહી રહ્યા ઓધવજી અમારડા હંસ રે ॥૧૧॥
એહને બલે અમે ગાજતાં દેવ દૈત ગણતાં ત્રણ માત્રરે
અમો સોંપો એહનેં આત્મા કૃષ્ણજી સરખા નહી પાત્રરે ॥૧૨॥
આજ અમારે કાંઈ ન ઉગરુ જાતાં તે જાદવરાય રે
કૂપની છાયા કૂપમાં સમે એં હુબ સહુ નહી જાય રે ॥૧૩॥
દેવલ ન સોભે દેવ વીના સરોવર ન સોભેં વના નીરરે
તમ વૃીજ સૂદરી સોભેં નહી વીના તે હલધરવીર રે ॥૧૪॥
ચંદ્રણી ન સોભે ચંદ્ર વીના પંખ વીના જેમ કીર રે
પંડ ન સોભેં પ્રાણ વીના તમ કૃષ્ણજી વના આહીર રે ॥૧૫॥

ધાબલ ન સોભેં ધણી વીના ઉદક વીના વ્યાપી કૂપરે
વીપ્ર ન સોભેં વીદ્યા વીના જાંન ન સોભેં વાના ભુપરે ॥૧૬॥
રુપ ન સોભેં રે ગુણ વીના ગુણ ન સોભેં વાના જ્ઞાંનરે
જ્ઞાંન ન સોભેં રે ક્ષમા વીના તમ અમો વાના ભગવાનરે ॥૧૭॥
જોગ ન સોભેં જુક્ત વીના ભક્ત ન સોભેં વાના ભાવરે
ધરમ ન સોભેં દયા વીના ગોપીજન વાના મોહન રે ॥૧૮॥
જલ બીના જલચર જવે નહી માય વીના જમ બાલરે
ધેન વીના જમ વછરુ તમ વ્રીજ બીના ગોપાળ રે ॥૧૯॥
ટોળા વછઈ જમ ઝુદલી ભક્ષ ન કરે જમ ત્રણ રે
તમ ગોપી હરી હરી વીના નીશ્ચે તે પાંમસે મર્ણ રે ॥૨૦॥
જમ ચાતક મેઘબીંદુ બીના નાં ગ્રહે અવનીનાં નીરરે
અમો કરસેં રાખુ નહી વીના એક સાંમ સરીર રે ॥૨૧॥
નીરધન માહાધન પામીઓ ઉલટ તે રોયે તેહનેં તમરે
જાતાં જમ વાકુલ થાયેં અમારેં ઉધવજી થયા તમરે ॥૨૨॥
કૃષ્ણજીની લીલા સંભારતાં ન રહે અમારાં મન ઠામરે
કહીંને સાચુ હરીજન તમો કહીયે કૃષ્ણજી આવસેં ગામરે ॥૨૩॥
સાંમ વીના સુનાં ફરુ સુખ તે નહી લગાર રે
મોહજલ માંહે અમો બુડતાં તમો લાવીઆ નવ નીરધારરે ॥૨૪॥
ઘણા રે દીવસ વાલો વ્રજ વસા તમો તહાંછો હરીના નીજદાસરે
કૃષ્ણ કથા કાંઈ કહો સુણો પહોચો તે મનતણી આસરે ॥૨૫॥
પ્રાણજીવન કૃષ્ણ અમતણો જાણોં ધરો ગીરી ગોવરધન રે
પુતના આદેં કેંસી કંસ લગોં દુષ્ટ પમાડા પતન રે ॥૨૬॥

અમારે હઈડે ઉધવ હરી વસે સુંદર નંદકૂવર રે
સાંમલીયાનેં સેંહેંજે સંભારતાં પાંમસુ તે દુસ્તર પાર રે ॥૨૭॥
ગ્નાંનધાંન તમો કહું કરો મુકત હેત ઉપદેસ રે
બંધન છુટે હરીના નાંમથી તો કાં કીજે કાયાકલેસ રે ॥૨૮॥
રમતાં ઉધવજી એહના રુપસૂ અમ્યો પાંમસું તે સેંહેંજે ભવપાર રે
કહોને ઉધવજી અલ્યાતસું અમ્યો કેમ કીજે વીચાર રે ॥૨૯॥
ચકોર ભરોસો જેમ ચંદ્રનો ગલે જગમગતા અંગાર રે
અમ્યો ભરોસો તેમ કૃષ્ણનો પાંમસુ તે સુખે ભવપાર રે ॥૩૦॥
મંત્ર ઓખદ મોલે ગારડી ઉતારે મારા સરપનાં વખ રે
સુમરણ સેવા શ્રી કૃષ્ણની ટલે સઘલાં ભવ દુખ રે ॥૩૧॥
ગ્નાન વીચારે તે ગ્નાંની જાંણીએ ભકતે તે ભજયે ભગવાન રે
મુકત દાસી હરી ભકતની એમ કહે વલી વલી સંત રે ॥૩૨॥
ભેદ કરે ભક્તિ ગ્નાનમાં તે નર જાંણજો મૂઢ રે
સંતને સર્વ સમાન છે જાણે તહુ તત્વ તે ગૂઢ રે ॥૩૩॥
જેહનુ મન જેહ સૂમલુ તો તેના કરે છે વખાણ રે
હરીના હોયે તે સુધ ગ્રહે નાથ નથી અજાણ રે ॥૩૪॥
અમો સીતલ થયાં સુધ પાંમતાં મલા વીના ન હોયે મન લીન રે
કાલાના કથન સૂણી રખે હસો અમ્યો અબલા અતી આધીન રે ॥૩૫॥
અમો અબલા કાંઈ ન નીપજે કેવલ કૃષ્ણજીની આસ રે
વચન તુમારે વલગી રહાં એમ કહે નરહરદાસ રે ॥૩૬॥

## ॥ કડવૂ બીજું ॥૨॥

ઉધવજી વીચારે મન આપસુ અંગ રોમાચીત થાયે રે
ગદ ગદ કંઠે સુતિ કરે ગોપીકાને લાગે પાયે રે ॥૧॥
ભકિત જોઈ રે વ્રીજ નારયની ઉધવમન આશ્ચર્ય હોયે રે
ભાગ જોતાં વ્રીજ નારયનું તુલ ન આવે બીજુ કોય રે ॥૨॥
કૃષ્ણજીના ચરણકમલ તણું ધરે બ્રહ્મા સંકર ધ્યાન રે
પરમ પૂરસ પ્રીતે કરી વ્રીજ વસા ભગવાન રે ॥૩॥
ધન્ય તો ગોકૂલના ગોવાલીઆ ધન્ય ધન્ય તે વ્રીજ નારયરે
પરમ ધન્ય નંદ જસોમતી જેહને ઘરે પ્રગટા મોરાર રે ॥૪॥
ધન્ય ધન્ય વ્રીજની ભોમકા જેણે સપ્રસાં કૃષ્ણજીનાં ચરણરે
ધન્ય ધન્ય રે જલ જમુના તણું ધન્ય ધન્ય વ્રીખવેલીત્રણ રે ॥૫॥
ધન્ય ધન્ય મોરપંખિ બ્રીજ તણા જે કરતા કૃષ્ણનું દરસન રે
ધન્ય ધન્ય રે મૃગ વનતણા મોહીયાં તે મોરલીયે મન રે ॥૬॥
ધન્ય ધન્ય મધુકર જાંણવા જે કરતા પ્રકમા વારંવાર રે
મકરંદ લેતા માલા તણૂ કૃષ્ણ આગલ કરતા ગુંજાર રે ॥૭॥
બહુ પેંરયેં સ્તુત બ્રીજની કરી વલિ વલિ કરેછે વખાંણ રે
આઈસ માગી ઉધવ ચાલીયા મલવા શ્રીકૃષ્ણને રામ રે ॥૮॥
ઉધવજીની સાથે સંદેસડો કહાવે કહાવે ગોકૂલની વ્રીજનારયરે
અનેક અપરાધ સાંમી અમતણા ક્ષમા કરો દીન દયાલ રે ॥૯॥
બ્રીજના વાહલાને વેંહલા લાવજો વલી વલી કહાવે ગોપી ચંમરે
એટલો ઉપગાર ઉધવજી કરો કૃષ્ણ વીના રહુ કમ જાયે રે ॥૧૦॥
જે ક્ષણ જાય ઉધવ હરી વીના અમને વરસાં સો થાયે રે
ગોકૂલીયે ગોવંદને પધરાવજો લાગુ તમારે પાયેં રે ॥૧૧॥

જોબન જાયેરે ઉધવ હરી વીના કહુ છુ તે મુકીને લાજરે
અવસર ચુકોરે તુ મેહુલા વરસીસ કહો કહેં કાજ રે ॥૧૨॥
આલીઘન દેજો હરીને અમતણૂ કરજો અમારા પ્રણાંમરે
નરહરના સ્વાંમીને કહેંજો એટલુ ઉતાવલા આવજો આંણે ધામરે ॥૧૩॥

## ॥ કડવુ ત્રીજુ ॥૩॥

આવોજી અમારે પ્રભુ નેહડે નવરંગ નંદકુઆર રે
અમો અબલા તોરી દાસ છુ તમેં છોજી દીનદયાલરે ॥૧॥
મનરે અમારું મોહન નવ્ય રહેં બ્રીજની તો કરજો સંભાલરે
અમો અબલા કાંઈ ન નીપજે તમે છોજી જુગના આધાર રે ॥૨॥
વચન તમારે વલગી રહા અબલા તે કેરડા પ્રાંણરે
ઘણૂ સૂ કહીયે હવે તેહને તમેં વારા ચતુર સુજાંનરે ॥૩॥
કૃષ્ણજીને જઈ કહેંજો જઈ એટલુ ઉધવજી જઈને એકાંતરે
જો નહી આવો ઉતાવલા તો તન પડસેં સાઘાત રે ॥૪॥
થોડા માંહે ઘણુએ કહુ તમેં છોજી ચતુર સુજાંન રે
જો નહી આવો ઉતાવલા નરહરી કહેં નરવાંણ રે ॥૫॥

## ॥ કડવુ ચોથુ ॥૪॥

ઉધવજીને મધુપુરી ચાલવૂ ગોપી ગોવલ સહુ રોયે રે
વિષ્ણુને વીષ્ણુના વીજોગથી સહેંવા સમરથ નહી કોયેં રે ॥૧॥
પાંણ જોડીને ઉભી એમ કહેં જયકૃષ્ણ જયકૃષ્ણ રામરે
આલીઘન દેઈ અનોઅન કહેં વલી વલી કરેં પ્રણાંમરે ॥૨॥

ઉધવને જાતાં જુયેં સુંદરી ન શણે તે નામંચ થાયે રે
રથ ધજા રહી દેખતાં તારે ગોપી ગોકુલ જાય રે ॥૩॥
મંદીર જાતાં રે ગોપી યેમ કહેં બહેંની આપણ મુરખ સાથ રે
જો ગ્રહી ઉધવજીનેં રાખતાં ઉતાવલા આવજો જદુનાથ રે ॥૪॥
ગોપીને ગોવાલ ટોલેં મલી ઉધવજીનાં કરેં છેં વખાંણ રે
આત્મવદ્યા રે યેંણે કરી જાણે જોગી પરમ સુજાંન રે ॥૫॥
ધન રે નગર ધન દેસ ઔ ધન કુટંબ કુલ લોક રે
ઉધવજી સરખા જન આવસેં દરસને ટાલે સઘલા સોક રે ॥૬॥
કૃષ્ણજીની પરમ કૃપા વડે આપણ પાંમ્યાં ઉધવજીનો સંગરે
દુલભ દરસન બહેંની તે તણૂ જેહને નીરંતર કૃષ્ણજીસુ રંગરે ॥૭॥
ઉધવજીની સુત વ્રીજ નારય કહેં કૃષ્ણજીનેં ભકત હસેં કોડ રે
ઉધવજી સરીખા જન કો નહી સંભારી સંભારી ગોપીકાંન રે ॥૮॥
ઉધવજીનો આવતાં અતી રુડુ થયુ આપણ પાંમ્યાં દુખ તણો પારરે
કૃષ્ણજીને મલીસુ ઉતાવલાં નરહર કહે નીરધાર રે ॥૯॥

## ॥ કડવૂ પાંચમુ ॥ ૫ ॥

મારગ જાતાંરે ઉધવ યેમ કહેં કુસેંન સરજો વ્રીજમાં ત્રણ રે
હરજીની વ્હેંણી કેરાં અડકતાં ભાઈ મુઝને ચરણરેંણ રે ॥૧॥
નામ લેતાં ગોપી તણૂ જીવ કૃતારથ થાયે રે
મુગટમણી ઔ ગોપકા જેહને બ્રહ્મા મુની ગાયે રે ॥૨॥
કૃષ્ણજીની કૃપાથી હુ પાંમીયો દુલભ ગોપીનું દરસન રે
પ્રીત જોતાં રે ગોપી તણી ઉધવજી થયા રે પ્રસન રે ॥૩॥
મધુપુર જઈ માધવનેં કહેંજો અતંત તે ગોપકાના હેત રે
ગોપકાના ગુણરે સંભારતાં ઉધવજી થયા અચેત રે ॥૪॥

કૃષ્ણજી કહે અસ્ય સસ્ય થઈ ઉધવને માધવ કહે વાત રે
અદભૂતૂ અમને નાં વીસરે ઉધવજી અમારો વ્રીજ સાથ રે ॥૫॥
સકલ ભોમનાંમાં માંહે રે કો નહી ગોપકા સમાન નહી કોયે રે
વ્રીજનો રણીયો ઉધવ હુ સદા એમ કહે શ્રીમુખે ભગવાન રે ॥૬॥
વ્રીજની તે લીલા સંભારતાં જલ પ્રભા ચાલો છે નેત્ર રે
નરહરનો સ્વામી ઉધવને કહે ગોપકાને મલીસૂ કુલખેમ રે ॥૭॥

## ॥ કડવુ છઠુ ॥ ૬ ॥

કૃષ્ણજી મલા કુલખેત્રમાં મળીયાં તે ગોપકાનાં મન રે
પ્રેમદા પાંમી નીજ રૂપને હવી હવી હરજીમેં મગન રે ॥૧॥
પરમ તત્વ કરી પ્રીછવી ટાલા ટાલા સકલ સંદેસ રે
પ્રગટા પ્રમાનંદ બોલચા અંતરજામી કૃષ્ણ તેહ રે ॥૨॥
અંતર દ્રષ્ટી જારે ઉઘડી નીરંતર કૃષ્ણ તે કૃષ્ણ રે
બાઝા ભીતર સરવમાં સદા તે વીષ્ણુ વ્યાપક રે ॥૩॥
હરજીની વ્રેહુણ હરજીમાં ભલી ગંગાસાગરમાં હવી લીન રે
દ્વૈત ટલે કેવલ કૃષ્ણ મલે ભેદ ભાસે તે ભીન રે ॥૪॥
એ સંવાદ ઉધવગોપી કૃષ્ણનો ગાય સુણે નર નારય રે
ભકતી દાનરે પાંમે સૂખ સૂણતાં તે તરે સંસાર રે ॥૫॥
હરીને હરી જન્મ લે એક હોયે ભેદ ન ગણે કોયે રે
પ્રમદા પામી પરબ્રહમને નરહર કહે નીરધાર રે ॥૬॥
હરી ગુરસંત પ્રસાદે કરી ગાયો તે રંગભેર રાસ રે
કૃષ્ણજીએ જે ઉપજાવીયું તે કહુ નરહરદાસ રે ॥૭॥

॥ કડવુ સાતમુ ॥ સંપૂર્ણ ॥ સમાપ્ત ॥